શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર




# પરજિયા સોની સંદેશ

સર્વોનું... સુવર્ણ ગૌરવ


E-mail : sonisandesh1@gmail.com

વર્ષ : ૩૭ • અંક : ૯ • પાના : ૨૦ | તંત્રી : ભરત કે. સતિકુંવર | સપ્ટેમ્બર – ૨૦૨૬ | મૂલ્ય : રૂા. ૧૨/–





॥ જય શ્રી રાંદલ મા ॥

**સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા અને તેમના ધર્મપત્ની**
**સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા (નાંદુરી)ના પુણ્ય સ્મરણાર્થે**



સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા



સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા

**'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા**



સ્વ. ગોરધનદાસ ઓધવજીભાઈ વાચા



સ્વ. મગનભાઈ ઓધવજીભાઈ વાચા

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## ગૌ.વા. કમળાબેન વલ્લભભાઈ જીણાદ્રા

**કણકોટવાળા (હાલ કાંદિવલી)**

**ગૌ.વા.: તા. ૦૩–૦૮–૨૦૨૬**

*આપની પવિત્ર સ્મૃતિ અમારા હૃદયમાં સદાય અવિસ્મરણીય રહેશે.*
*પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના.*

*** શ્રદ્ધાસુમન ***

જયસુખભાઈ વલ્લભભાઈ જીણાદ્રા (જે.વી.)
દિલીપભાઈ વલ્લભભાઈ જીણાદ્રા
પંકજભાઈ વલ્લભભાઈ જીણાદ્રા

**કણકોટવાળા જીણાદ્રા પરિવારના જય શ્રીકૃષ્ણ**

*લોકોને સ્થાપિત વસ્તુઓની આદત પડી જાય છે માટે પરિવર્તનના વિચારથી કાંપે છે.*
*- ભગત સિંહ*

શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

**પરજિયા**
**સોની સંદેશ**


તંત્રી : ભરત કે. સતિકુંવર

❖

**પ્રકાશન સ્થળ**
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

❖

**મુખપત્રના માલિક**
**શ્રી મુંબઈ ઉપનગર**
**પરજિયા સહકારી સોસાયટી**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : 022-2898 3905
022-2899 9097
મો.: +91-93244 35547
+91-93248 35547
Email: sonisandesh1@gmail.com

❖

**મૂલ્ય : રૂા. ૧૨.૦૦**

❖

**મુદ્રણ સ્થાન**
**જીજ્ઞેશ પ્રિન્ટર્સ**
૧, રોહન રેસીડેન્સી, બાભઈ નાકા,
લોટસ હોસ્પિટલ સામે,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.

**આજીવન લવાજમના દરો :**
**ભારતમાં : રૂા. ૫૦૦/-**
**વિદેશમાં : રૂા. ૩૫૦૦/-**
લવાજમ તેમજ જાહેરાતના ચેક **'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'** (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.


## આ અંકમાં વાંચશો...


☛ *તંત્રી સ્થાનેથી....*

☛ *તહેવારોની ભવ્યતા વધી...*

☛ *વિરોધ પહેલાં વિચાર જરૂરી*

☛ *છેલ્લી વ્હીસલ...!*

☛ *સુંદર વાસ્તુ*

☛ *ભેટની યાદી*

☛ *મહાજન સેવા ટ્રસ્ટને આવેલ ભેટની યાદી*

☛ *શ્રદ્ધાંજલિ*






## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

**- પરજિયા સોની સંદેશ**


'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી-લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

**★ એજ્યુકેશન ફંડ ★**

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

**★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★**

શ્રી બાબુભાઈ શામળાદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

**★ આર્થિક સહાય ★**

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

**★ કાયમી દાતા ★**

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

**★ સમૂહ લગ્ન ★**

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

**★ વિકલાંગ સહાય ફંડ ★**

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ
સ્વ. વિજયાબેન મગનભાઈ ધોરડા

**★ નેત્રબિંદુ સહાય ફંડ ★**

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

**★ મેડીકલ સહાય ફંડ ★**

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

**★ સોની સંદેશ નિભાવ ફંડ ★**

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા

**★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★**

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

**★ આકસ્મીક સહાય ફંડ ★**

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

*તંત્રી સ્થાનેથી....*✍



## નવરાત્રી – ગરબાની સાથે સંસ્કારની પણ જ્યોત પ્રગટાવીએ...

થોડા જ સમયમાં નવરાત્રીના પવિત્ર પર્વનો આરંભ થશે. નવરાત્રી એટલે માત્ર ગરબા, રાસ, રોશની અને રંગબેરંગી વસ્ત્રોનો ઉત્સવ નહીં, પરંતુ આદ્યશક્તિની આરાધના, શ્રદ્ધા, સંસ્કૃતિ અને સદાચારનું પર્વ છે. આ નવદિવસ દરમિયાન માતાજીની આરાધના સાથે આપણા જીવનમાં રહેલી નકારાત્મકતા, અહંકાર, ઈર્ષ્યા અને અનીતિને દૂર કરવાનો સંકલ્પ પણ કરવો જોઈએ.

આજના આધુનિક યુગમાં નવરાત્રીનું સ્વરૂપ ભવ્ય બન્યું છે, પરંતુ તેની પાછળ રહેલો મૂળ સંદેશ ક્યાંક ઝાંખો ન પડે તે જોવાની જવાબદારી આપણી સૌની છે. ગરબા માત્ર મનોરંજન નથી. ગરબાના તાલ સાથે આપણી સંસ્કૃતિ, પરંપરા અને ભક્તિની ધડકન જોડાયેલી છે. તેથી ગરબાના આયોજનમાં શિસ્ત, સલામતી, સંસ્કાર અને સૌના સન્માનને પ્રથમ સ્થાન મળવું જોઈએ. ખાસ કરીને યુવતીઓ અને મહિલાઓ માટે સુરક્ષિત વાતાવરણ ઊભું કરવું એ સમાજની સામૂહિક જવાબદારી છે. નવરાત્રીમાં વધતા ખર્ચ અને દેખાડા કરતાં જો આપણે કોઈ જરૂરિયાતમંદ પરિવારને મદદ કરીએ, કોઈ બાળકના શિક્ષણમાં સહયોગ આપીએ, વૃદ્ધોની સેવા કરીએ અથવા સમાજના હિત માટે કોઈ સારા કાર્યનો સંકલ્પ લઈએ, તો માતાજીની આરાધનાનું સાચું મૂલ્ય વધુ ઉજાગર થશે. માતાજીની ભક્તિ માત્ર મંદિરમાં દીવો પ્રગટાવવાથી પૂર્ણ થતી નથી; આપણા વર્તનમાં સત્ય, સંસ્કાર, કરુણા અને માનવતા પ્રગટે ત્યારે જ ભક્તિ સાર્થક બને છે.

આ નવરાત્રીમાં ચાલો, ગરબાના દરેક તાલ સાથે આપણી સંસ્કૃતિને જીવંત રાખીએ, દરેક દીવા સાથે માનવતાની જ્યોત પ્રગટાવીએ અને દરેક પગલે સમાજને વધુ સારો બનાવવાનો સંકલ્પ કરીએ. નવરાત્રી ઉજવીએ-ઉત્સાહથી, પરંતુ સંસ્કાર સાથે; ભક્તિથી, પરંતુ દેખાડા વિના; આનંદથી, પરંતુ જવાબદારી સાથે.

જય આદ્યશક્તિ માતાજી!

**– ભરત કે. સતિકુંવર**





# તહેવારોની ભવ્યતા વધી, ભક્તિ ક્યાંક પાછળ રહી ગઈ?

## તહેવાર ધર્મનો છે કે દેખાડાનો?

## મંડપ મોટો થયો, પણ શ્રદ્ધાનું સ્થાન નાનું કેમ?

ભારત તહેવારોનો દેશ છે. આપણા તહેવારો માત્ર કેલેન્ડરની તારીખો નથી, પરંતુ સદીઓથી ચાલતી આવતી સંસ્કૃતિ, સંસ્કાર, પરંપરા અને શ્રદ્ધાના જીવંત પ્રતીક છે. દરેક તહેવાર પાછળ એક કથા છે, એક સંદેશ છે અને જીવનને સાચી દિશા આપતી એક વિચારધારા છે. પરંતુ આજે તહેવારોની ઉજવણીને જોતા મનમાં એક પ્રશ્ન ઊભો થાય છે-આપણે તહેવારો ઉજવી રહ્યા છીએ કે તહેવારોના નામે મોટા મોટા ઇવેન્ટ કરી રહ્યા છીએ?

જન્માષ્ટમી આવે છે. 'નંદઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી...' ના જયઘોષ સાથે ભગવાન શ્રીકૃષ્ણના જન્મની ઉજવણી થવી જોઈએ. પરંતુ ઘણી જગ્યાએ સજાવટ, લાઇટિંગ, કાર્યક્રમો અને દેખાવ વચ્ચે લાલા ક્યાં છે? ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ અને તેમના જીવનનો સંદેશ કેટલો કેન્દ્ર સ્થાને છે? ગણેશોત્સવમાં પણ આજકાલ વિશાળ મૂર્તિઓ, ભવ્ય ડેકોરેશન, લાઇટિંગ અને વિવિધ કાર્યક્રમોની હોડ જોવા મળે છે. ભવ્યતા ખરાબ નથી, પરંતુ જ્યારે બાપાની ભક્તિ કરતાં બાપાની ભવ્યતા વધુ ચર્ચામાં રહે, ત્યારે એક વખત થોભીને વિચારવું જરૂરી છે.

અને નવરાત્રિ? નવરાત્રિ એટલે માતાજીની આરાધના. ગરબો એટલે શક્તિની ઉપાસના. ગરબાનું દીપક જીવનમાં રહેલા દિવ્ય પ્રકાશનું પ્રતીક માનવામાં આવે છે. પરંતુ આજે અનેક સ્થળે વિશાળ મંચ, ગાયક, ડીજે, લાઇટિંગ અને સંગીત માટે મુખ્ય જગ્યા હોય છે, જ્યારે માતાજીની મૂર્તિ મંડપના એક ખૂણામાં નાના મંદિર જેવી રચનામાં જોવા મળે છે.ગરબો ક્યાં છે?માતાજી ક્યાં કેન્દ્રમાં છે?અને આપણી પરંપરા ક્યાં છે?હજારો લોકો ગરબા રમવા આવે છે, પરંતુ શું તેમને ગરબાનો અર્થ પણ સમજાવવામાં આવે છે?

આ પ્રશ્ન કોઈની શ્રદ્ધા પર સવાલ નથી. આ તો આપણી પોતાની શ્રદ્ધા અને સંસ્કૃતિ સામેનો આત્મમંથનનો પ્રશ્ન છે.આપણે આધુનિકતા સામે નથી. સંગીત, લાઇટિંગ, ભવ્ય આયોજન કે મનોરંજન સામે પણ નથી. પરંતુ આ બધાની વચ્ચે આપણા તહેવારનો આત્મા જીવંત રહે તે જરૂરી છે.તહેવાર મનોરંજન બની શકે, પરંતુ માત્ર મનોરંજન ન બની જાય. તહેવાર ભવ્ય બની શકે, પરંતુ માત્ર દેખાડો ન બની જાય. તહેવારમાં ભીડ હોઈ શકે, પરંતુ ભક્તિ ખોવાઈ ન જાય. આજે સોશિયલ મીડિયાના યુગમાં આપણે તહેવારની દરેક ક્ષણ કેમેરામાં કેદ કરીએ છીએ. પરંતુ ક્યારેક એવો સવાલ પણ કરવો જોઈએ કે કેમેરામાં કેદ થતી આ ભવ્યતાની સાથે આપણા હૃદયમાં ભક્તિ પણ કેદ થઈ રહી છે કે નહીં? આપણી આવનારી પેઢી તહેવારોને કેવી રીતે ઓળખશે તે આજે આપણે નક્કી કરી રહ્યા છીએ. જો તેને જન્માષ્ટમી એટલે માત્ર કાર્યક્રમ, ગણેશોત્સવ એટલે માત્ર મોટી મૂર્તિ અને નવરાત્રિ એટલે માત્ર ડીજે-સંગીત અને ગરબા પાર્ટી તરીકે જ મળશે, તો આવતીકાલે આપણી પરંપરાનો મૂળ અર્થ કોણ સમજાવશે? આથી જરૂર છે કે તહેવારોની ભવ્યતા સાથે તેની ભાવનાને પણ ભવ્ય બનાવીએ.

મંડપમાં માતાજીનું સ્થાન સૌથી સન્માનપૂર્વક હોય. ગરબો માત્ર નૃત્ય ન રહે, પરંતુ શક્તિની ઉપાસનાનો અનુભવ બને. ગણેશોત્સવમાં બાપાની મૂર્તિ સાથે ગણેશજીના વિચારો અને સંસ્કારની વાત થાય. જન્માષ્ટમીમાં લાલાના જન્મોત્સવ સાથે શ્રીકૃષ્ણના જીવન અને સંદેશને નવી પેઢી સુધી પહોંચાડવામાં આવે. આપણી સંસ્કૃતિને મ્યુઝિયમમાં સાચવવાની નહીં, જીવનમાં ઉતારવાની જરૂર છે.

આપણે તહેવારોની ભવ્યતા ઘટાડવાની વાત નથી કરતા. આપણે માત્ર એટલું કહેવા માંગીએ છીએ...કારણ કે...તહેવાર માત્ર ઉજવવાનો દિવસ નથી, તહેવાર એ આપણી ઓળખ છે. અને ઓળખ ગુમાવવી સહેલી છે,પરંતુ પાછી મેળવવી ખૂબ મુશ્કેલ છે.

હવે નિર્ણય આપણે જ કરવાનો છે-આપણે તહેવારોને જીવંત રાખીશું કે માત્ર ભવ્ય બનાવીશું?

**સંકલન : ભરત કે. સતિકુંવર**

# વિરોધ પહેલાં વિચાર જરૂરી

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી સમાજના હિત અને વિકાસ માટે સતત વિવિધ નિર્ણયો લેતી આવી છે. સમયની જરૂરિયાત, સભ્યોની સુવિધા અને સમાજના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા લેવાતા નિર્ણયો પાછળ ચોક્કસ વિચાર, ચર્ચા અને હેતુ રહેલો હોય છે.પરંતુ ઘણીવાર એવું જોવા મળે છે કે કોઈ નિર્ણયની સંપૂર્ણ માહિતી મેળવ્યા વિના, તેની પાછળનો હેતુ સમજ્યા વિના અથવા સમગ્ર બાબત જાણ્યા વિના એકલ-દોકલ વ્યક્તિ દ્વારા તેનો વિરોધ કરવામાં આવે છે. પ્રશ્ન એ છે કે શું માત્ર વિરોધ કરવો જ આપણો હક છે કે નિર્ણયને સમજવાનો અને યોગ્ય સૂચન આપવાનો પણ આપણું કર્તવ્ય છે?

કોઈપણ સંસ્થામાં મતભેદ હોવા સ્વાભાવિક છે. દરેક વ્યક્તિની વિચારસરણી અલગ હોઈ શકે છે. પરંતુ મતભેદ અને વિરોધ વચ્ચેનો ફરક સમજવો જરૂરી છે. જો કોઈ નિર્ણય સમાજના હિત માટે લેવામાં આવ્યો હોય તો સૌપ્રથમ તેની સંપૂર્ણ માહિતી મેળવવી જોઈએ, સંસ્થાના પદાધિકારીઓ પાસેથી હકીકત જાણવી જોઈએ અને ત્યારબાદ કોઈ વાંધો હોય તો યોગ્ય રીતે રજૂ કરવો જોઈએ.અધૂરી માહિતીના આધારે કરાયેલો વિરોધ ઘણીવાર ગેરસમજ ઊભી કરે છે અને વ્યક્તિગત મતને સમાજના મત તરીકે રજૂ કરવાનો પ્રયાસ બની શકે છે. એકલ-દોકલ વ્યક્તિનો વિરોધ આખા સમાજનો વિરોધ છે એવું માનવું પણ યોગ્ય નથી.સંસ્થાના પ્રમુખથી લઈને દરેક પદાધિકારી અને સભ્યો સમાજ માટે નિઃસ્વાર્થ સેવા આપે છે. આવા સેવાભાવી લોકોના પ્રયાસોને સમજ્યા વિના દરેક બાબતમાં શંકા કરવી કે વિરોધ કરવો સમાજના વિકાસમાં સહાયક નહીં બને. ટીકા કરવી હોય તો તથ્ય સાથે કરો, પ્રશ્ન પૂછવો હોય તો યોગ્ય મંચ પર પૂછો અને સૂચન આપવું હોય તો રચનાત્મક રીતે આપો. કારણ કે વિરોધનો હેતુ સંસ્થાને નબળી પાડવાનો નહીં, પરંતુ તેને વધુ મજબૂત બનાવવાનો હોવો જોઈએ. આપણે વ્યક્તિ નહીં, પરંતુ સંસ્થાને કેન્દ્રમાં રાખીને વિચારવું જોઈએ. આજે લેવાતો કોઈ નિર્ણય આપણને વ્યક્તિગત રીતે અનુકૂળ ન હોય, છતાં જો તે સમાજના મોટા હિત માટે હોય તો તેની પાછળનો હેતુ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

અંતે એટલું જ કહેવું છે કે-સંપૂર્ણ માહિતી મેળવો, પછી અભિપ્રાય આપો; અભિપ્રાય આપો તો તથ્ય સાથે આપો; અને વિરોધ કરો તો સમાજના હિતને કેન્દ્રમાં રાખીને કરો. સંસ્થા કોઈ એક વ્યક્તિની નથી. તે સમગ્ર સમાજની છે. તેથી સંસ્થાના વિકાસમાં સહયોગ આપવો, યોગ્ય પ્રશ્નો પૂછવા અને રચનાત્મક સૂચનો આપવા એ દરેક જ્ઞાતિજનની જવાબદારી છે.

**– સંકલન : શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી**



# છેલ્લી વ્હીસલ...!

ધૂળિયા ગામના એ નાના અને પછાત રેલવે સ્ટેશન પર આખા દિવસમાં માંડ બે ટ્રેન ઊભી રહેતી! આખો દિવસ અહીં એક વિચિત્ર પ્રકારની નીરવ શાંતિ છવાયેલી રહેતી!! સ્ટેશન માસ્તર હરિભાઈનો મોટા ભાગનો સમય જૂની ટિકિટોના થોકડા ગોઠવવામાં અને સિગ્નલના લાલ-લીલા દીવાઓ સાફ કરવામાં જ જતો!

પત્નીના અવસાન પછી, આ સૂમસામ સ્ટેશન જ એમની આખી દુનિયા બની ગયું હતું. દીકરો શહેરમાં હોવાથી હરિભાઈ અહીં સાવ એકલા હતા, એટલે સવારથી સાંજ બસ આ પ્લેટફોર્મ પર જ સમય વિતાવતા! સ્ટેશન પર ચા વેચતો અનાથ અને મૂંગો છોકરો દેવુ, હરિભાઈનો એકમાત્ર સાથી હતો. જ્યારે કોઈ ટ્રેન ન હોય, ત્યારે હરિભાઈ બાંકડા પર બેસીને બીડી પીતા અને દેવુને મોટા શહેરોની, ભીડની અને દરિયાની વાતો કરતા! ''જો દેવુ, શહેરમાં તો આકાશને આંબતી મોટી ઇમારતો હોય અને ત્યાંનો દરિયો તો એવો વિશાળ હોય કે તારી આંખો થાકી જાય પણ છેડો ના દેખાય!'' હરિભાઈ હવામાં હાથ હલાવીને કહેતા. ભલે દેવુ બોલી શકતો નહોતો, પણ તેની મોટી અને અચરજ ભરેલી આંખો હરિભાઈની દરેક વાતને જાણે ચૂપચાપ પી જતી.



શિયાળાની કાતિલ રાતોમાં જ્યારે પવન સૂસવાટા મારતો હોય, ત્યારે હરિભાઈ પોતાની જૂની શાલ દેવુને વહાલથી ઓઢાડી દેતા!!અને દેવુ બદલામાં તેમને પોતાની કીટલીમાંથી આદુ-ફૂદીનાવાળી ગરમાગરમ ચાનો કપ ભરીને સામેથી આપતો! આ બે સાવ અસમાન ઉંમરના જીવો વચ્ચે એક અદ્રશ્ય અને અતૂટ તાર બંધાઈ ગયો હતો!! દેવુ માટે હરિભાઈ એક પિતા સમાન હતા, અને હરિભાઈ માટે દેવુ તેમની એકલતા દૂર કરતું એકમાત્ર જીવંત પાત્ર બની ગયો હતો!

સમય પોતાની ગતિએ વીતતો ગયો અને આખરે હરિભાઈની નિવૃત્તિનો દિવસ આવી જ ગયો!! તેમને લેવા માટે શહેરથી તેમનો દીકરો આવી પહોંચ્યો હતો! આવી ગયો દીકરા! ઘરે બધા કુશળ મંગળ ને? હરિભાઈએ ખુરશી દીકરા બાજુ ખસેડતા આવકાર આપ્યો!! હા પપ્પા, બધા જ એકદમ મજામાં છે. દીકરો ખુરશી પર બેસતાં બોલ્યો! સારું, થોડીવાર બેસ, હું સામાન ગોઠવી લઉં એટલે ટ્રેન આવતાં જ નીકળીએ! કહીને હરિભાઈ પોતાનો સામાન ફંફોસવામાં લાગી ગયા!! ''પપ્પા, જલ્દી કરો હવે! મારે ઓફિસે પહોંચવામાં મોડું થાય છે, આ ધૂળિયા ગામમાં મને તો શ્વાસ લેવાની પણ તકલીફ પડે છે!'' આવતાવેંત દીકરો અકળાઈ ઉઠ્યો. દીકરાની વાત સાંભળી હરિભાઈએ ભારે હૈયે પોતાનો

સામાન બાંધ્યો! વર્ષો જૂની ખુરશી અને પોતાના લાકડાના ટેબલ પર તેમણે છેલ્લી વાર વહાલથી હાથ ફેરવ્યો!!

મનમાં એક અલગ પ્રકારનો ખાલીપો હતો, જાણે પોતાનો જીવ અહીં જ છૂટી રહ્યો હોય એવું તેમને લાગી રહ્યું હતું ! થોડીવારમાં ટ્રેનનું એન્જિન કાળો ધુમાડો કાઢતું પ્લેટફોર્મ પર આવીને ઊભું રહ્યું. ત્યાં જ દેવુ હાંફતો હાંફતો દોડતો આવ્યો અને તેણે હરિભાઈના હાથમાં ચાનો છેલ્લો કપ મૂક્યો! હરિભાઈએ ધ્રૂજતા હાથે ખિસ્સામાંથી પચાસની નોટ કાઢીને દેવુના હાથમાં મૂકવા પ્રયત્ન કર્યો, પણ દેવુએ તરત હાથ પાછળ ખેંચી લીધો. તેની નિર્દોષ આંખોમાં ચોધાર આંસુ વહી રહ્યા હતા! અને તેની આંખો જાણે કહી રહી હતી કે મને પણ સાથે લઈ ચાલો!!''ગાંડો થઈ ગયો છે કે શું? શહેરમાં જઈશ એટલે તારી આ આદુવાળી ચા મને બહુ યાદ આવશે દેવુ!'' હરિભાઈએ ગળગળા સાદે કહ્યું અને આંસુ લૂછતાં ડબ્બામાં ચડી ગયા!!

ટ્રેને એક લાંબી વ્હીસલ મારી અને ધીમે ધીમે લોખંડના પાટા પર સરકવા લાગી! હરિભાઈએ ભારે હૈયે બારીમાંથી બહાર જોયું, પણ દીકરો તેમને શહેરી જીવનની નવી સગવડોની વાતોમાં વ્યસ્ત કરવા લાગ્યો!!''પપ્પા, ત્યાં તમારા માટે અલગ રૂમ છે અને બધી જ સુવિધાઓ છે, તમારે હવે અહીની જેમ હેરાન નથી થવાનું!'' દીકરો બોલતો રહ્યો! પણ હરિભાઈનું મન તો એ પ્લેટફોર્મ પર જ અટવાયેલું હતું!! થોડીવારમાં એ નાનકડું સ્ટેશન આંખોથી દૂર થઈ ગયું અને શહેરી ચકાચૌંધમાં એક જૂનો સંબંધ ક્યાંક પાછળ છૂટી ગયો! અને ત્યાં પ્લેટફોર્મ પર, હાથમાં ઠંડી થઈ ગયેલી ચાની કીટલી પકડીને દેવુ સાવ એકલો ઊભો રહ્યો! ટ્રેનનો અવાજ ક્યારનો શાંત થઈ ગયો હતો, પણ તેની ભીની નજર હજુ પણ એ ખાલી પાટાઓ પર જ મંડાયેલી હતી!

જરૂરી નથી કે પરિવારનો અહેસાસ માત્ર લોહીના સંબંધથી જ થાય! ક્યારેક અજાણ્યા જીવની મૂંગી વહેંચણી પણ સંબંધોના સરનામાં બદલી નાખે છે!!

**– હરેકૃષ્ણ (મો.: ૭૮૭૮૨૨૨૨૧૮)**

# વાર્ષિક સામાન્ય સભા – ૨૦૨૬

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૩-૦૯-૨૦૨૬ના રોજ સંપન્ન થઈ. વાર્ષિક સામાન્ય સભાની શરૂઆતમાં ગત વર્ષમાં અવસાન પામેલને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ શ્રી ચેતનભાઈ આર. ઝવેરીની અધ્યક્ષતામાં આજીવન સભ્યોની હાજરીમાં અનેક વિષયો પર પ્રશ્નોત્તરી, ચર્ચા, વિચારણા અને સહાય યોજનાઓ પર સૂચનો પ્રાપ્ત થયા હતા.

વાર્ષિક સામાન્ય સભાના અંતમાં પ્રમુખ શ્રી ચેતનભાઈ આર. ઝવેરી દ્વારા હાજર સૌ સભ્યોનો આભાર પ્રગટ કરી સભાનું સમાપન કર્યું હતું.

# સુંદર વાસ્તુ



## ૧) યુવાન દંપતીનું સુવાનું સ્થાન

★ જો યુવાન દંપતી ઈશાન (નોર્થ-ઈસ્ટ દિશા) ખૂણામાં સુવે તો - તેઓ ઘરમાં બધાને અને વડીલોને માન આપશે અને ખૂબ શાંત સ્વભાવના હશે. ઘરમાં બધા સભ્યો સાથે શાંતીથી રહેશે.

★ જો યુવાન દંપતી નૈઋત્ય (સાઉથ-વેસ્ટ) દિશા ખુણામાં સુવે તો - તેઓ ઘરમાં પોતાનું વર્ચસ્વ જમાવશે અને ઘરમાં દરેક વ્યક્તિએ તેનું કહેવું માનવુ પડશે. ઘરના મુખ્ય નિર્ણયો તેઓ લેતા હોવાથી કુટુંબમાં એકબીજાનો અહમ ઘવાય છે. તેથી કલેશ ઉભો થાય છે જેમ કે પિતા અને દિકરા વચ્ચે અથવા સાસુ-વહુ વચ્ચે અને તેનાથી ઘરમાં સંઘર્ષવાળુ વાતાવરણ થશે અને ઘરમાં ભંગાણ પડશે.



★ જો યુવાન દંપતી વાયવ્ય (નોર્થ-વેસ્ટ) ખૂણામાં સુવે તો - તેઓના મગજના વિચારો બદલાયા કરે તેઓ વધારે પડતો સમય ઘરની બહારજ વિતાવે અને એવી રીતે વર્તાવ કરે કે તેઓ ખૂબ જ માનસીક તાણ ભોગવી રહ્યા છે અને ખૂબ ખૂબ ખર્ચાઓ કરશે.

★ જો યુવાન દંપતી અગ્નિ (સાઉથ-ઈસ્ટ)ખૂણામાં સુવે તો - તેઓ ખૂબ જ લોભી પ્રવૃત્તિના થઈ જશે તેઓ જલ્દીથી પૈસા વાપરશે નહીં અને નાની ઉંમરે બીમારી આવવાની શક્યતા રહેશે.

## ૨) સુવાની દિશા

જ્યારે તમે સુવો ત્યારે તમારુ માથુ દક્ષિણ તરફ અને પગ ઉત્તર તરફ રાખવા આ રીતે સુવુ તે સૌથી ઉત્તમ ગણાય છે. દરેક વ્યક્તિએ આજ દીશામાં સુવુ જોઈએ.

**જો આ રીતે સુવાનુ શક્ય ન હોય તો તમે માથુ પશ્ચિમમાં અને પગ પૂર્વમાં રાખી શકો.** આમ સુવાથી સારી શક્તિનો વિકાસ થશે અને જ્યારે તમે સવારે સૂઈને ઉઠશો ત્યારે તમને સૂર્યદાદાના દર્શન થશે અને તેની સારી ઉર્જાનો લાભ મળશે.

**તમે ઉત્તરમાં માથુ અને પગ દક્ષિણમાં રાખો તો તે વાસ્તુ વિરુધ્ધ છે.**

**જ્યારે તમે સુતી વખતે તમારુ માથુ પૂર્વમાં રાખો અને પગ પશ્ચિમાં હોય તો** તમને પેટની ગડબડ થાય અને તમારી શક્તિ ઓછી થઈ જાય છે. તમે જે પણ કામ કરવા ઈચ્છો તો પૂરુ થતું નથી.

**(નોંધ : બીજુ બધી વાસ્તુની વેબસાઈટની સુવાની બાબતમાં તે લોકોના મત અલગ પડે છે.**

S
DR NIILESH N SHAH
Ph.D, DSC (VAASTU VIGYAN)
SUNDAR VAASTU®
AN ISO 9001 : 2015 CERTIFIED ORGANIZATION
+91- 98211 48571 I www.sundarvaastu.com
sundar_vaastu I sundarvaastu@gmail.com / drnilesh@sundarvaastu.com

*આપણો જે પદ પર હક્ક હોય, અને નૈતિક રીતે યોગ્ય હોય, આપણે એના જ અધિકારી છીએ.*

## શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

**તા. ૦૧–૦૮–૨૦૨૬ થી ૩૧–૦૮–૨૦૨૬ આવેલ ભેટની યાદી**

**શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)**

**'એજ્યુકેશન ફંડ'**

૫,૦૦૦/- મૂળ મહુવા (હાલ બોરીવલી) નિવાસી સોની જ્યોતિબેન પ્રવિણચંદ્ર સતીકુંવર તા. ૨૩-૦૮-૨૦૨૬ના રોજ શ્રીજી ચરણ પામતાં સોનીવાડી સંસ્થામાં એજ્યુકેશન ફંડમાં અર્પણ.
હસ્તે : સોની હિનાબેન સતિકુંવર
સોની પૂજાબેન સતિકુંવર
સોની સોનલબેન પટ્ટણી

૧,૧૦૦/- મૂળ જાફરાબાદ (હાલ બોરીવલી) નિવાસી સોની સ્વ. મનસુખલાલ વ્રજલાલ સુરૂની પ્રાર્થના સભા નિમિત્તે સોનીવાડી સંસ્થામાં એજ્યુકેશન ફંડમાં અર્પણ.

૧૧૦૦/- મૂળ કુંકાવાવ (હાલ બોરીવલી) નિવાસી સોની વૈશાલીબેન અજયકુમાર લુહાર તરફથી તેમના પિતાશ્રી સ્વ. મનસુખલાલ વ્રજલાલ સુરૂની પ્રાર્થના સભા નિમિત્તે અર્પણ.

૧,૧૦૦/- મૂળ કણકોટ (હાલ કાંદિવલી) નિવાસી સોની જયસુખભાઈ વલ્લભભાઈ જીણાદ્રાના માતુશ્રી કમળાબેન વલ્લભભાઈ જીણાદ્રા શ્રીજી ચરણ પામતા સંસ્થાને અર્પણ.

**સ્વ. રતીલાલ કરશનભાઈ ધકાણ–**

**સરસઈવાળા (દુબઈ)**

**'મેડિકલ આર્થિક સહાય ફંડ'**

૧,૧૦૦/- મૂળ ઓથા (હાલ બોરીવલી) નિવાસી સોની જીતેન્દ્રભાઈ અમૃતલાલ સાગરના માતૃશ્રી મંજુલાબેન અમૃતલાલ સાગર શ્રીજી ચરણ પામતા વાડીમાં એજ્યુકેશન ફંડમાં અર્પણ.

**સ્વ. સોની માધવજી પ્રભુદાસભાઈ ધકાણ**

**ગઢડા (સ્વામીના)**

**સ્વ. સોની શાંતાબેન માધવજી ધકાણ**

**'મેડિકલ સહાય ફંડ'**

૫,૦૦૧/- સોની વિજયભાઈ હિરાલાલ જગડા તરફથી 'મેડિકલ સહાય ફંડ'માં અર્પણ.

**ખુશી ભેટ**

૬૦૦/- એક જ્ઞાતિભાઈ તરફથી સંસ્થાને ખુશીભેટ.

૩૦૦/- એક જ્ઞાતિભાઈ તરફથી સંસ્થાને ખુશીભેટ.

**દાતાશ્રીઓને વિનંતી કે સમાજના સર્વાંગી વિકાસમાં આપ પણ યથાશક્તિ ફાળો આપી ભાગીદાર બની શકો છો.**

**QR code સ્કેન કરીને આપનો ફાળો નોંધાવી શકો છો.**

# શ્રી સમસ્ત પરજીયા સોની મહાજન સેવા ટ્રસ્ટ

## તા. ૦૧–૦૮–૨૦૨૬ થી ૩૧–૦૮–૨૦૨૬ આવેલ ભેટની યાદી

### 'મેડિકલ સહાય ફંડ'

૧,૦૦૫/- જાળીયા (હાલ દહીસર) કંચનબેન હીંમતલાલ પટ્ટણી તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- વીરડી (હાલ કાંદિવલી) સ્વ. મગનભાઈ દેવરાજભાઈ સતિકુંવર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- બાબરા (હાલ બોરીવલી) ભરતભાઈ આત્મારામભાઈ જગડા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- કાત્રોડી (હાલ વસઈ) મનસુખભાઈ રામજીભાઈ ઝવેરી તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- નાગેશ્રી (હાલ કાંદિવલી) નિવાસી નિલેશભાઈ અમૃતલાલ સતિકુંવર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- ભીંગરાડ (હાલ બોરીવલી) કાંતિભાઈ વિઠ્ઠલભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- વાઘનગર (હાલ બોરીવલી) રતીભાઈ મોહનભાઈ પટ્ટ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- ડેડાણ (હાલ કાંદિવલી) દિનેશભાઈ કાંતીભાઈ સતિકુંવર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- મહુવા (હાલ બોરીવલી) દીપકભાઈ કાંતીભાઈ ધાણક તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- ખાંભા (હાલ કાંદિવલી) નિલેશભાઈ હીંમતભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- ઘુઘરાળા (હાલ બોરીવલી) જયંતિભાઈ માણસુરભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- હામાપર (હાલ સાંતાક્રુઝ) વલ્લભભાઈ મગનભાઈ ધોરડા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- ગારીયાધાર (હાલ દહિસર) આશિષભાઈ પ્રતાપભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- લીલાપુર (હાલ બોરીવલી) ભરતભાઈ હમીરભાઈ સોલંકી તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- કુકાવાવ (હાલ કાંદિવલી) જેન્તીભાઈ પ્રભુદાસભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- દ્વારકા (હાલ દહિસર) કમલેશભાઈ કાળીદાસભાઈ ઘઘડા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ગુંદાળા (હાલ દહિસર) જયેશભાઈ બાબુભાઈ ધાણક તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- સતાપર (હાલ દહિસર) અશોકભાઈ નાથાભાઈ ધાણક તરફથી દવા

સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- રાજુલા (હાલ કાંદિવલી) હીતેશભાઈ બાબુભાઈ ધાણક તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ધારગણી (હાલ કાંદિવલી) સુરેશભાઈ દુર્લભજીભાઈ લુહાર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- બગદાણા (હાલ મલાડ) નિલેશભાઈ હરેશભાઈ સાગર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- કોડીનાર (હાલ દહિસર) સમીરભાઈ ઈશ્વરભાઈ સાગર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- વેરાવળ (હાલ કાંદિવલી) ધર્મેશભાઈ રજનીભાઈ વાયા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- હળન્ડા (હાલ દહિસર) દિનેશભાઈ અને રાજુભાઈ ચલ્લા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ગઢડા (હાલ બોરીવલી) દીલીપભાઈ વૃજલાલ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ચાવંડ (હાલ કાંદિવલી) દીલેશભાઈ કરસનભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- પાંચવડા (હાલ કાંદિવલી)ભાસ્કરભાઈ કાંતિભાઈ થડેશ્વર તરફથી ભેટ અર્પણ.

૫૦૦/- ભગેડી (હાલ કાંદિવલી) નિલેશભાઈ રતીભાઈ કતીરા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- પરવડી (હાલ કાંદિવલી) ચંદુભાઈ ગોવિંદભાઈ જગડા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ

૫૦૦/- દાઠા (હાલ કાંદિવલી) સંજયભાઈ જીવણભાઈ સુરૂ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ગઢડા (હાલ બોરીવલી) ભાસ્કરભાઈ માધવજીભાઈ ધકાણ તરફથી ભેટ.

૫૦૦/- સાવર (હાલ કાંદિવલી) પ્રેમજીભાઈ કાંતિભાઈ સાગર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ચાવંડ (હાલ બોરીવલી) ધર્મેશભાઈ દામોદરભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ચાવંડ (હાલ બોરીવલી) વીમલભાઈ કરસનભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ગઢડા (હાલ કાંદિવલી) વિનોદરાય મોહનભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ભાતેલ (હાલ કાંદિવલી) કાંતીભાઈ ખીમજીભાઈ વાયા તરફથી ભેટ.

૫૦૦/- રાજુલા (હાલ કાંદિવલી) રમેશભાઈ નટવરલાલ જીણાદ્રા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ઠળીયા (હાલ દહિસર) રાજુભાઈ કનૈયાલાલ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ખોખરી (હાલ કાંદિવલી) ચેતનભાઈ મટુમલભાઈ ધકાણ તરફથી દવા

સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ડેડાણ (હાલ કાંદિવલી) દીલીપભાઈ હરદાસભાઈ સતિકુંવર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- મોટા દડવા (હાલ બોરીવલી) મનસુખભાઈ સામંતભાઈ ચલ્લા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- જાળીયા (હાલ દહિસર) પ્રકાશભાઈ પટ્ટણી તરફથી ભેટ અર્પણ.

૫૦૦/- સાવરકુંડલા (હાલ દહિસર) રમેશભાઈ પરસોત્તમભાઈ સતિકુંવર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- લુણીધાર (હાલ દહિસર) જયેશભાઈ હરીભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- લુણીધાર (હાલ દહિસર) નિતીનભાઈ હરીભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- હામાપર (હાલ કાંદિવલી) હીતેશભાઈ કાન્તીભાઈ ધોરડા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

★ ★ ★ ★ ★

જય માતાજી,

સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે હાલના સમયમાં આપણો ઈતિહાસ જાળવી રાખતા બારોટની હયાતી નથી. હવે આપણો ઈતિહાસ આપણે જ જાળવવો પડે તેવી પતિસ્થિતિ છે.

આપણા પૂજનીય કુળદેવી માતાજી, સતીમાતા અને સૂરાપુરા દાદાના આર્શીવાદથી એક પુસ્તક પરજીયા સુવર્ણ ઈતિહાસ લખવાની પ્રેરણા થઈ છે. જેમાં આપણી જેટલી શાખ (અટક) છે. તેમના કુળદેવી, સૂરાપૂરા દાદા સહિત સંપૂર્ણ માહિતી આવરી લેવામાં આવશે. આપ સૌનો સહયોગ અનિવાર્ય છે.

<u>વધુ માહિતી માટે સંપર્ક :</u>

**Mob.: 8828958828**

**website : www.parajiyasoni.in**




# N. H. Beauty Saloon

*Beautician : Rakhee Hitesh Satikuvar*

**✆ 99309 09411 / 79773 34312**

*Specialist in Bridal Make-up & Siders*

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.



# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

**(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)**

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ–૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

*Shadows & Shades by:*
*Namrata Soni*

*Professional Makeup & Hair Artist*

*9920970829*

**Services :**
Bridal | Wedding Siders | Party
Sangeet | Baby Shower
Celebrity Makeup
Water Proof Makeup
Ads-Photoshoot | Events

**PRODUCTS USED**
DIOR / Bobby Brown / Tarte / Toofaced / Huda Beauty / Myglamn / Nykaa/ Sehora



*જીવનમાં હારને સ્વીકારીને જ હારને હરાવી શકાય છે.*

## સોનીવાડી-બોરીવલીમાં

# આધુનિક સુવિધા ધરાવતા AC રૂમો











**રહેવાની ઉત્તમ સુવિધા સાથે**

**ડબલ બેડ * ૩ બેડ * ૫ બેડ સહિતની રૂમો ઉપલબ્ધ છે.**

**'સોનીવાડી' શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ, બોરીવલી (વે), મુંબઈ–૯૨.**

**ફોન : 2898 3905 / 2899 9097**

**મો.: +91-93244 35547 / 93248 35547**

**Email : sonisandesh1@gmail.com • digipin 4FK-29J-JFM9**

*તમારી ઈચ્છા અને તમારી કલ્પના સાથે મળે છે ત્યારે સપના સાકાર થાય છે.*

# SONI BANQUET HALL






- અદ્યતન સુવિધાઓ સાથે આપની સેવામાં ઉપલબ્ધ
- બોરીવલી સ્ટેશનથી વોકીંગ ડીસ્ટન્સ
- ૬૦ વર્ષથી લગ્ન પ્રસંગો માટે વિશ્વાસપાત્ર
- ડેકોરેશનની અધ્યતન રેન્જ



**એસી હૉલ - ૩૫૦-૪૫૦ મહેમાનો માટે***

**શુધ્ધ શાકાહારી***

**ઓપન કેટરર્સ***

(* શરતો લાગુ)

**'સોનીવાડી' શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ, બોરીવલી (વે), મુંબઈ–૯૨.**

**ફોન : 2898 3905 / 2899 9097 * મો.: +91-93244 35547 / 93248 35547**

**Email : sonisandesh1@gmail.com • digipin 4FK-29J-JFM9**

# ★ સોની સંદેશ જાહેરાત નવા દર ★

| * એક અંકના જાહેરાત દર * | |
|---|---|
| કલર પેજ | ₹ 3,200/– |
| હાફ કલર પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 1,000/– |
| ક્વાર્ટર પેજ | ₹ 600/– |

| * આખા વર્ષના અંકના જાહેરાત દર * | |
|---|---|
| કલર પેજ | ₹ 38,400/– |
| હાફ કલર પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 12,000/– |

| * ટચુકડી જાહેરાત * | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

*condition apply.

| Bank Name | FOR DONATION IN INDIA |
|---|---|
| SBI Bank | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| UBI Bank | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| Kotak Bank | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

**જે પણ જ્ઞાતિજનો અને દાતાશ્રીઓને 'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી' સંસ્થાને ખુશીભેટ, દાન કે ફાળો આપવો હોય તેઓ સંસ્થાના QR Code સ્કેન કરી રકમ સંસ્થાને મોકલી શકે છે.**

# ભાવભરી શ્રધ્ધાંજલિ



## અ.નિ. અ.સૌ. સોની વર્ષાબેન કાંતીલાલ ધોરડા (હામાપુર વાળા)

**સ્વર્ગવાસ : સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ ૪ ને રવિવાર, તા. ૧૬–૦૮–૨૦૨૬**

*આંખો હજી નિહાળે છે તમને, અંતર હજી પુકારે છે તમને,*
*સ્મરણ તમારું થાય છે અમને, મન મૂકી રડાવે છે અમને,*
*અંજલિ આપતા હૈયુ તુટે છે, પુષ્પાંજલિ આપતા શબ્દો ખુટે છે.*
*આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ*
*અમારા માર્ગદર્શન હતા. આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો,*
*માયાળુ સ્વભાવ, લાગણીશીલતા અમો જીવનભર ભૂલશું નહીં.*
*પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ અમારી પ્રાર્થના...*

**શ્રદ્ધાસુમન...**

**કાંતિભાઈ મગનભાઈ ધોરડા**

**હિતેષ કાંતિભાઈ ધોરડા** — **અમિત કાંતિભાઈ ધોરડા**

**સંદીપ કાંતિભાઈ ધોરડા** — **અલ્પેશ કાંતિભાઈ ધોરડા**

॥ જય શ્રી મોંમાઈ મા ॥

# 'પરજિયા સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા







## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા)ના પુણ્ય સ્મરણાર્થે



★ હસ્તે ★

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :
**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**
સંચાલિત
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૯૦૯૭

To,

JIGNESH PRINTERS ✆ 9821367898